# પ્રથમ લેખિત કસોટી-૨૦૧૫

તારીખ : ૨૬/૧૦/૨૦૧૫ ધોરણ-૭ સમય : ૧૧:૦૦ થી ૧૪:૦૦
વાર : સોમવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ________

સૂચનાઓ : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-૧ (અ) નીચે આપેલાં પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (10)

(૧) ગંગા-જમનાનું નીર મંગાવવાનું કારણ .....

(ક) ચોકમાં છાંટવા (ખ) પવિત્ર પાણી પીવા

(ગ) ભગવાનના સ્નાન માટે (ઘ) પગ પખાળવા

(૨) અહીં પાઠમાં વિદ્યાધીકારી એટલે ......

(ક) શિક્ષણના અધિકારી (ખ) વિદ્યાના અધિકારી

(ગ) પંડિત (ઘ) સરકારી અધિકારી

(૩) ગાંધીજીને કયા વાઈસરૉયને મળવા દિલ્લી જવાનું હતું ?

(ક) લોર્ડ કલાઈવ (ખ) લોર્ડ ડેલહાઉસી

(ગ) લોર્ડ મિન્ટો (ઘ) લોર્ડ માઉન્ટ બેટન

(૪) વરસાદ સાથે અત્યંત નજીકનો સંબંધ કોને છે ?

(ક) ગાયને (ખ) મોરને (ગ) ચકલીને (ઘ) ગામને

(૫) અહીં માણસોનો ઠઠારો એટલે ....

(ક) ધક્કામુકી (ખ) ભીડ (ગ) મેળો (ઘ) ઝગમગાટ

(૬) 'જીવન પાથેય' પાઠમાંના 'વિચાર શૃંખલા' શબ્દનો અર્થ છે ....

(ક) વિચારોની ક્રમિકતા (ખ) પ્રવાસ (ગ) ધ્યેય (ઘ) માન્યતા

(૭) દિયરે ભાભીને કેવાં કહ્યાં છે ?

(ક) સમજદાર (ખ) જ્ઞાની (ગ) સ્નેહભીનાં (ઘ) કેસરભીનાં

(૮) લેખકની દ્રષ્ટિએ 'બા' એટલે ......

(ક) બેઠી દડીની, નીચી (ખ) મજબૂત બાંધાની

(ગ) પંચોતેર વર્ષની (ઘ) નિરંતર ઉદ્યોગ

Scanned by CamScanner

(૯) ત્રણેય મિત્રો કયા ગ્રહ ઉપર હતા ?

(ક) ચંદ્ર (ખ) સૂર્ય (ગ) ટિટાન (ઘ) વલય

(૧૦) અહીં 'નરસૈયાનો સ્વામી' એટલે ......

(ક) કૃષ્ણ (ખ) સખી (ગ) ભગવાન (ઘ) હાથિયો

**(બ) નીચે આપેલા વાક્યોમાં યોગ્ય વિરામ ચિન્હો મૂકી વાક્યો ફરીથી લખો.** (4)

(૧) કયારે આવશે ને કયારે હાંકશે એટલામાં તો કાપલો કાઢી નાખશે

(૨) મહાદેવે શંકા સામે દફતર ધર્યું લે ને શંકા ગાયને હું હાંકતો આવું

(૩) તમ તમારે હેંડતા થાઓ આવ્યો છું તો આમ

(૪) શંકાએ દફતર લીધું યાદ આવ્યું તારે લ્યા પરીક્ષા છે ને

**(ક) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે બે)** (2)

(૧) રાન (૨) કેળવણી (૩) રળિયામણું

**પ્રશ્ન-૨ (અ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** (9)

(૧) ગાય કોના-કોના ખેતરમાંથી પસાર થઈ ?

(૨) બાપુએ લેખિકાને શાનો ઠપકો આપ્યો ?

(૩) લેખક સ્ત્રીને ત્રણ પૈસા આપીને શા માટે દૂર જતા રહ્યા ?

(૪) લેખકના પિતાશ્રી પૂણે શા માટે જાય છે ?

**(બ) નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડો :** (4)

| 'અ' | 'બ' |
|---|---|
| (૧) રાનમાં | (૧) મનુબહેન ગાંધી |
| (૨) વલયની અવકાશી સફર | (૨) ધ્રુવ ભટ્ટ |
| (૩) બે ખાનાંનો પરિગ્રહ | (૩) પ્રવીણ દરજી |
| (૪) બાનો વાડો | (૪) કિશોર અંધારિયા |

**(ક) નીચે આપેલા શબ્દોના વિરૂદ્ધાર્થી શબ્દો લખો. (ગમે તે ત્રણ)** (3)

(૧) સ્વચ્છ (૨) સધવા (૩) ગરીબ (૪) સુગંધ

**પ્રશ્ન-૩ (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો. (ગમે તે ચાર)** (8)

(૧) મહાદેવ અને તેનાં મિત્રો શું જોઈ અટકી ગયા ?

Scanned by CamScanner

(૨) 'રાનમાં' કાવ્યના કવિનું નામ જણાવો.

(૩) ગાંધીજીને શામાં બેસાડીને વાઈસરૉયે મળવા બોલાવ્યા હતા ?

(૪) દિયરને 'સિંહલદ્વીપ' માં શા માટે જવું છે ?

(૫) બાના વાડામાં કયા-કયા ઔષધીય છોડ હતા ?

**(બ) નીચે આપેલા વાક્યો કયા કાળના છે તે લખો.** (4)

(૧) એ તો હિન્દુસ્તાનના પિતા હતા.

(૨) સાંજ થવા આવી છે.

(૩) હું પરીક્ષામાં પહેલો નંબર લાવીશ.

(૪) બચુડાના મામા મામલતદાર હતા.

**(ક) નીચેનાં વાક્યો કોણ બોલે છે તે લખો.** (4)

(૧) ''એક શેઠિએ મને જલેબી ખવડાવી.''

(૨) ''એઈ-આંખ પણ નથી કે શું ?''

(૩) ''નોટોના ભાવ રોજ બદલાય છે.''

(૪) મેં માન્યું નહોતું કે તારામાં આવી હીનતા હશે.

**પ્રશ્ન-૪ (અ) નીચેના આપેલા વિષયો પૈકી કોઈ એક વિષય પર નિબંધ લખો.** (8)

(૧) મારા પ્રિય નેતા (૨) મેળો

(૩) જન્માષ્ટમી

**(બ) નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે ત્રણ)** (6)

(૧) પાટી મેલાવવી (૨) ઉગારી લેવું

(૩) એકના બે ન થવું (૪) ઘોડલાં ખેલવાં

**(ક) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (ગમે તે બે)** (2)

(૧) ગાયોનું ટોળું

(૨) જીવનને ઉપયોગી ભાથું

(૩) સહન ન થઈ શકે તેવું

(૪) ત્રણ જાતનાં તોરણ

Scanned by CamScanner

**પ્રશ્ન-૫ (અ) નીચે આપેલા મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક લખો.** (6)

નદી પર સાંકડો પુલ – બે કૂતરાઓનું સામ સામું આવવું – આગળ જવા ઝઘડો થવો – પાણીમાં પડવું – બે બકરીઓનું સામ સામું આવવું – એક બકરીનું નીચે બેસી જવું – બીજીનું તેની ઉપરથી ટપી જવું – બંનેનું સહેલાઈથી સામે છેડે પહોંચી જવું – બોધ.

અથવા

તમારી શાળામાં યોજાયેલ રમતોત્સવ વિશે તમારા મિત્રને પત્ર લખો.

**(બ) નીચે આપેલ કાવ્યપંકિત પૂર્ણ કરો.** (4)

સખી આજની ................................

.......................... મંડપ રચાવીએ જીરે.

**(ક) નીચે આપેલા સંયોજકોનો ઉપયોગ કરીને ખાલીજગ્યા પૂરો.** (4)

(કે, અને, એટલે, તો)

(૧) ઈન્સ્પેક્ટરે જોયું ________ મહાદેવની આંખમાં આંસુ હતા.

(૨) ડૉક્ટરે કહ્યું ________ એણે કસરત કરવી જોઇએ.

(૩) મહાદેવ ગાયને હાંકવા રોકાયો ________ એને પરીક્ષામાં મોડું થયું.

(૪) એકમાં સામાન રખાવ્યો ________ બીજામાં પૂજય બાપુજીને સૂવાનું રાખ્યું.

**(ડ) નીચેના શબ્દોની જોડણી સુધારીને લખો. (ગમે તે બે)** (2)

(૧) હાથીયો (૨) વીદ્યાધિકારી (૩) પરીગ્રહ

*Best Of Luck*

Scanned by CamScanner